# મીરાંબાઈ લેખન

# અખંડ વરને વરી

અખંડ વરને વરી સાહેલી, હું તો અખંડ વરને વરી.
ભવસાગરમાં મહાદુઃખ પામી, લખ ચોરાસી ફરી ... સાહેલી હું. (1)

સંસાર સર્વે ભયંકર કાળો, તે દેખી થરથરી.
કુટુંબ સહોદર સ્વાર્થી સર્વે, પ્રપંચને પરહરી ... સાહેલી હું. (2)

જનમ ધરીને સંતાપ વેઠ્યા, ઘરનો તે ધંધો કરી,
સંતજગતમાં મહાસુખ પામી, બેઠી ઠેકાણે ઠરી ... સાહેલી હું. (3)

સદ્દગુરુની પૂરણ કૃપાથી, ભવસાગર હું તરી,
બાઈ મીરાં કહે પ્રભુ ગિરિધર નાગર, સંતોના ચરણે પડી ... સાહેલી હું (4)

# અમે પકડી આંબલિયાની ડાળ રે

બાઈ, અમે પકડી આંબલિયાની ડાળ રે,
જંગલ માંહી એકલી હોજી—

ઓતરને દખણથી ચડી એક વાદળી રે
વરસ્યા બારે મેઘ રે
બીજાને મારે આખડી હો જી.

નદી રે કિનારે બેઠો એક બગલો રે,
હંસલો જાણી કીધી પ્રીત રે,
મુંઢામાં લીધી માછલી હો જી—

ફૂલનો પછેડો ઓઢું પ્રેમ ઘાટડી રે,
બાઈ, મારો શામળિયો ભરથાર રે,
બીજાને મારી ચૂંદડી હો જી.

બાઈ મીરાંકહે પ્રભુ ગિરિધરના ગુણ,
બાઈ, મારો પિયુડો પરદેશ રે,
ફરુકે મારી આંખડી હો જી.

# આંખલડી વાંકી અલબેલા !

આંખલડી વાંકી અલબેલા !

તારી આંખલડી વાંકી. આંખલડી૦

નયન કમળનો પલકારો રે,

તીર માર્યાં છે તાકી. આંખલડી૦

વનરા તે વનને મારગ જાતાં,

તન રે જોયાં છે ઝાંખી. આંખલડી૦

ચાળવણિયામાં વ્હાલે ચિત્ત હરી લીધાં,

મોહનલાલે ભૂરકી નાખી. આંખલડી૦

બાઈ મીરાં કે પ્રભુ ગિરિધર નાગર, ચરણકમળ ચિત્ત રાખી. આંખલડી૦

# આવો તો રામરસ પીજીએ

આવો તો રામરસ પીજીએ
હો ભાગ્યશાળી, આવો તો રામરસ પીજીએ.

તજી દુઃસંગ સત્સંગમાં બેસી,
હરિગુણ ગાઈ લહાવો લીજીએ ... હો ભાગ્યશાળી.

મમતાને મોહજંજાળ જગ કેરી,
ચિત્ત થકી દૂર કરી દીજીએ ... હો ભાગ્યશાળી.

દેવોને દુર્લભ દેહ મળ્યો આ,
તેને સફળ આજ કીજીએ ... હો ભાગ્યશાળી.

રામનામ રીઝીએ, આનંદ લીજીએ,
દુર્જનિયાંથી ન બ્હીજીએ ... હો ભાગ્યશાળી.

મીરાં કહે પ્રભુ ગિરિધરના ગુણ,
હેતે હરિરંગ ભીંજીએ ... હો ભાગ્યશાળી.

# ઉપાડી ગાંસડી વેઠની રે

ઉપાડી ગાંસડી વેઠની રે,
કેમ નાખી દેવાય?

એ છે રણછોડરાય શેઠની રે
એ છે શામલશા શેઠની રે.
કેમ નાખી દેવાય?

ઊની ઊની રેતીમાં પગ તપે છે,
લૂ વાય છે માસ જેઠની રે,
કેમ નાખી દેવાય?

બાઇ મીરાં કે પ્રભુ ગિરિધર નાગર,
લ્હે લાગી છે મને ઠેઠની રે,
કેમ નાખી દેવાય?

# ઊંચા ઊંચા આભમાં

ઊંચા ઊંચા આભમાં ને ઊંચા ઊંચા ડુંગરાની,
ઊંડી રે ગુફામાં મારો દીવડો બળે રે (૨) ઊંચા૦

લાખ લાખ ચંદા ચળકે કોટી કોટી ભાનુ રે,
દીવડા અગાડી એ તો ઝાંખા પડે રે (૨) ઊંચા૦

ઝરમર ઝરમર વરસે મોતીડાંનો મેહુલો રે,
સુરતા અમારી એ તો ઝીલવા પડે રે (૨) ઊંચા૦

બાઈ મીરાં કહે પ્રભુ ગિરિધરના ગુણ,
સત્ગુરુ દીધો મારો દીવડો બળે રે (૨) ઊંચા૦

# એ રી મૈં તો પ્રેમદિવાની

એ રી મૈં તો પ્રેમદિવાની
મેરો દર્દ ના જાણે કોઈ ... એ રી મૈં તો પ્રેમદિવાની.

શૂળી ઉપર સેજ હમારી,
કિસ બિધ સોના હોય,
ગગન મંડલ પર સેજ પિયા કી
કિસ બિધ મિલના હોય ... એ રી મૈં તો પ્રેમદિવાની.

ઘાયલ કી ગત ઘાયલ જાને,
ઔર ન જાને કોય,
જૌહરી કી ગતી જૌહરી જાણે,
કી જિન જૌહર હોય ... એ રી મૈં તો પ્રેમદિવાની.

દરદ કી મારી વન વન ભટકૂઁ
વૈદ્ય મિલ્યા નહીં કોય
મીરાં કી પ્રભુ પીડ મિટેગી
જબ વૈદ્ય સાંવરિયો હોય ... એ રી મૈં તો પ્રેમદિવાની.

# ઓ આવે હરિ હસતા

ઓ આવે હરિ હસતા, સજની ! ઓ આવી હરિ હસતા;
મુજ અબળા એકલડી જાણી, પીતાંબર કે'ડે કસતા.

પંચરંગી પાઘા કેસરિયા રે વાઘા, ફૂલડાં મહેલ્યાં તોરા;
માહારે આંગણિયે દ્રાખ બિજોરાં, મેવલે ભરાઉં તાહરા ખોળા.

પ્રીત કરે તેની પૂંઠ ન મેલે, પાસેથી તે નથી ખસતા;
મીરાં કે પ્રભુ ગિરિધરના ગુણ, વ્હાલો હ્રદયકમલમાં વસતા.

# ઓ રાણા ! જીવનો સંગાથી

ઓ રાણા ! જીવનો સંગાથી હરિ વિણ કોઈ નથી...
મારે પ્રભુ ભજવાની હામ રે, મારે હરિ ભજવાને હામ રે, જીવનો૦

ઓ રાણા ! એક રે ગાયને દો દો વાછડાં,
તોય એના જુદારે જુદા લેખ
એક રે બન્યો શિવજીનો પોઠિયો,
બીજો ફરે ઘાંચીડાને ઘેર... જીવનો૦

ઓ રાણા ! એક રે માટીનાં દો દો માટલાં,
તોય એના જુદારે જુદા લેખ
એક ને માટાલું જસોદા માતનું,
બીજું દીસે કલાલને ઘેર... જીવનો૦

ઓ રાણા! એક રે વેલાને બે બે તુંબડાં,
તોય એના જુદા રે જુદા લેખ;
એક રે તુંબડું સાધુના હાથમાં,
બીજું રાવળિયાને ઘેર... જીવનો૦

ઓ રાણા ! એક રે માતાના દો દો બેટડા,
લખ્યા એના જુદા રે જુદા લેખ,
એક રે બેટડો ચોરાશી ધૂણી તપે,
બીજો ઘૂમે લખચોરાશી ફેરા માંહ્ય... જીવનો૦

ઓ રાણા ! એક રે વાંસની દો દો વાંસળી,
તોય એના જુદા જુદા લેખ;
એક રે વાંસળી કાનકુંવરની,
બીજી વાગે વાદીડાને રે ઘેર... જીવનો૦

ઓ રાણા ! ગુરુને પ્રતાપે મીરાં બોલિયાં,
દેજો અમને સંતોના ચરણોમાં વાસ. જીવનો૦

# કર્મનો સંગાથી રાણા મારૂ કોઇ નથી

હે ... કર્મનો સંગાથી રાણા મારૂ કોઇ નથી...
હે.... કર્મનો સંગાથી પ્રભુ વિણ કોઇ નથી...
કે લખ્યા એના જુદા જુદા લેખ (૨)... કર્મનો સંગાથી...
એક રે ગાયના દો દો વાછરુ,
લખ્યા એના જુદા જુદા લેખ
એક રે બન્યો શિવજીનો પોઠીયો,
બીજો કાંઇ ઘાંચીડાને ઘેર... કર્મનો સંગાથી.
એક રે માતાના દો દો દીકરા,
લખ્યા એના જુદા જુદા લેખ
એક ને માથે રે છત્તર ઝૂલતા,
બીજો કાંઇ ભારા વેચી ખાય... કર્મનો સંગાથી.
એક રે માટીના દો દો મોરિયા,
લખ્યા એના જુદા જુદા લેખ
એક ને મોરિયો શિવજીની ગળતી,
બીજો કાંઇ મસાણે મૂકાય..... કર્મનો સંગાથી
એક રે પથ્થરના દો દો ટુકડા,
લખ્યા એના જુદા જુદા લેખ,
એક ની બની રે પ્રભુજીની મૂરતી,
બીજો કાંઇ ધોબીડાને ઘાટ... કર્મનો સંગાથી.
એક રે વેલાના દો દો તુંબડા,
કે લખ્યા એના જુદા જુદા લેખ,
એક રે તુંબડુ સાધુજીના હાથમાં,
બીજુ કાંઇ રાવળીયાને ઘેર... કર્મનો સંગાથી.
એક રે વાંસની દો દો વાંસળી,
કે લખ્યા એના જુદા જુદા લેખ,
એક રે વાંસળી કાનજી કુંવરની,
બીજી વાગે વાદીડાને ઘેર... કર્મનો સંગાથી.

એક રે માતાના દો દો બેટડા,
લખ્યા એના જુદા જુદા લેખ,
એક રે બેટો ચોરાશી ધૂણી તપે,
બીજો લખચોરાશી માંહ્ય... કર્મનો સંગાથી
રોહીદાસ ચરણે મીરાબાઇ બોલીયા,
કે દેજો અમને સંતચરણે વાસ... કર્મનો સંગાથી.

# ઓધા નહીં રે આવું

કામ છે, કામ છે, કામ છે, રે
ઓધા નહીં રે આવું મારે કામ છે.

શામળિયા ભીને વાન છે રે,
ઓધા નહીં રે આવું મારે કામ છે.

આણી તીરે ગંગા ને પેલી તીરે જમના,
વચમાં ગોકુળિયું ગામ છે રે ... ઓધા નહીં રે આવું.

સોનું રૂપું મારે કામ ન આવે,
તુલસી તિલક પર ધ્યાન છે રે ... ઓધા નહીં રે આવું.

આગલી પરસાળે મારો સસરાજી પોઢે,
પાછલી પરસાળે સુંદરશ્યામ છે રે ... ઓધા નહીં રે આવું.

મીરાંબાઈ કે પ્રભુ ગિરિધર નાગર,
ચરણકમળમાં મારો વિશ્રામ છે રે ... ઓધા નહીં રે આવું.

# કર્મનકી ગત ન્યારી

ઓધવજી કર્મનકી ગત ન્યારી, દેખો બત હ્રદયમેં વીચારી,
ઓધવજી કર્મનકી ગત ન્યારી. એ ટેક

નીર્મળ નીરકા નાના સરોવર, સમુદ્ર હો રહી ખારી,
બગલેકું બહોત રૂપ દીઆ હય, કોયલ કર દીની કારી. ઓ૦ ૧

સુંદર લોચન મૃગકું દીઆ હય, બન બન ફીરત દુઃખારી;
મૂરખ રાજા રાજ કરત હે, પંડિત ભયેહે ભીખારી. ઓ૦ ૨

વેશ્યાકું પાટ પિતાંબર પેરન, સતીયનકું નહીં સારી;
સુંદર નાર વાંઝણ કર ડારી, ભુંડણ જણ જણ હારી. ઓ૦ ૩

સુમકું અન ધન બહોત દીયો હે, દાતા કું ન મળે જુઆરી;
મીરાં કહે પ્રભુ ગીરધરના ગુણ, ચરન કમલ બલીહારી. ઓ૦ ૪

# કર્મનો સંગાથી કોઈ નથી

હે જી રે કર્મનો સંગાથી, રાણા મારું કોઈ નથી.
હે જી રે કર્મનો સંગાથી, હરિ વિણ કોઈ નથી.

હો એક રે ગાયનાં દો-દો વાછરું,
લખ્યાં એનાં જુદાં જુદાં લેખ,
એક રે બન્યો શિવજીનો પોઠિયો,
બીજો ઘાંચીડાને ઘેર ... હે જી રે કર્મનો સંગાથી.

હો એક રે માતાનાં દો-દો દીકરા,
લખ્યાં એનાં જુદાં જુદાં લેખ,
એકને માથે રે છત્તર બિરાજે,
બીજો ભારા વેચી ખાય ... હે જી રે કર્મનો સંગાથી.

હો એક રે માટીનાં દો-દો મોરિયા,
લખ્યાં એનાં જુદાં જુદાં લેખ,
એક રે મોરિયો શિવજીની ગળતી,
બીજો મસાણે મૂકાય ... હે જી રે કર્મનો સંગાથી.

હો એક રે પત્થરનાં દો-દો ટુકડા,
લખ્યાં એનાં જુદાં જુદાં લેખ,
એક રે બન્યો શિવજીની મૂર્તિ,
બીજો ગંગાજીને ઘાટ ... હે જી રે કર્મનો સંગાથી

હો એક રે વેલાના દો દો તુંબડાં,
લખ્યાં એનાં જુદા જુદા લેખ,
એક રે તુંબડું સાધુના હાથમાં,
બીજું રાવળિયાને ઘેર ... હે જી રે કર્મનો સંગાથી.

હો એક રે વાંસની દો દો વાંસળી,
લખ્યાં એનાં જુદા જુદા લેખ,
એક રે વાંસળી કાનકુંવરની,
બીજી વાગે વાદીડાને રે ઘેર ... હે જી રે કર્મનો સંગાથી.

હો એક રે માતને દો દો બેટડા,
લખ્યાં એના જુદા જુદા લેખ,
એક રે બેટો ચોરાશી ધૂણી તપે,
બીજો લખચોરાશી માંહ્ય .... હે જી રે કર્મનો સંગાથી.

હે જી રોહીદાસ ચરણે મીરાંબાઈ બોલીયા,
દેજો અમને સંત ચરણે વાસ ... હે જી રે કર્મનો સંગાથી.

# કાનુડે વનમાં લૂંટી, સખી !

કાનુડે વનમાં લૂંટી સખી !
મુને કાનુડે વનમાં લૂંટી.

હાથ ઝાલી મારી બાહ્ય મરોડી,
મોતીની માળા તૂટી.

આગળથી મારો પાલવડો સાહ્યો,
મહીની મટૂકી ઝૂંટી.

પાછળ પડે તેનો કેડો ન મૂકે,
નાસી શક્યાં નહીં છૂટી.

બાઇ મીરાં કે પ્રભુ ગિરિધર નાગર,
કહીએ તો લોક કહે જૂઠી.

# કાનુડો કાળજાની કોર છે

કાનુડો કાળજાની કોર છે.
મોરમુકુટ પીતાંબર સોહે, કુંડલકી ઝકઝોર છે.
વૃન્દાવનની કુંજગલનમાં, નાચત નંદકિશોર છે.
મીરાં કે પ્રભુ ગિરિધર નાગર, ચરનકમલ ચિતચોર છે.

# કાનુડો માંગ્યો દેને જશોદા મૈયા

કાનુડો માંગ્યો દેને જશોદા મૈયા
કાનુડો માંગ્યો દેને.

આજની રાત અમે રંગ ભરી રમશું
પરભાતે પાછાં માંગી લ્યોને જશોદા મૈયા ...કાનુડો માંગ્યો

રતિ ભરેય અમે ઓછું નવ કરીએ
ત્રાજવડે તોળી તોળી લ્યોને જશોદા મૈયા ... કાનુડો માંગ્યો

હાથી ઘોડા ને આ માલ ખજાના
મેલ્યું સજીને તમે લ્યોને જશોદા મૈયા ... કાનુડો માંગ્યો

બાઈ મીરાં કે પ્રભુ ગિરિધર નાગર
ચરણ કમળ મને દોને જશોદા મૈયા ... કાનુડો માંગ્યો

# કિન સંગ ખેલું હોલી ?

કિન સંગ ખેલું હોલી ? પિયા તજ ગયે અકેલી.

માણેક મોતી સબ હમ છોડે, ગલેમેં પહેની સેલી. પિયા૦

ભોજન-ભવન ભલો નહીં લાગે, ઇન સુમરે ફીરું ઘેલી. પિયા૦

બહુ દિન બીતે અજહું ન આયે, લગ રહી તાલાવેલી. પિયા૦

શ્યામ બિના ઝૂર ઝૂર જીવ જાયેગો, જૈસે જલ બિન વેલી. પિયા૦

જો પ્રભુ પ્રીત કરી તુમ ઓરસે, હમસે ક્યું કરી હેલી. પિયા૦

મીરાં કો પ્રભુ દર્શન દીજો, જનમજનમ કી ચેલી. પિયા૦

# કૃષ્ણ કરો યજમાન

કૃષ્ણ કરો યજમાન.
અબ તુમ, કૃષ્ણ કરો યજમાન.

જાકી કીરત વેદ બખાતન,
સાખી દેત પુરાતન. ... અબ તુમ.

મોર, મુકુટ, પીતાંબર સોહત,
કુંડળ ઝળકત કાન. ... અબ તુમ.

મીરાં કે પ્રભુ ગિરિધર નાગર,
દો દર્શન કો દાન. ... અબ તુમ.

# કે દા’ડે મળશે મુંને કા’ન

જોશીડા જોશ જુવોને,
કે દા’ડે મળશે મુંને કા’ન રે?

દુઃખડાની મારી વા’લા દૂબળી થઈ છું,
પચીપચી થઈ છું પીળી પાન રે ... કે દા’ડે મળશે.

દુઃખડાં મારાં ડુંગર જેવડાં,
સુખડાં છે મેરું સમાન રે. ... કે દા’ડે મળશે.

પ્રીત કરીને વા’લે પાંગળાં કીધાં,
બાણે વીંધ્યા છે મારા પ્રાણ રે. ... કે દા’ડે મળશે.

બાઈ મીરાં કહે પ્રભુ ગિરિધરના ગુણ,
ચરણકમળ ચિત્ત ધ્યાઉં રે. ... કે દા’ડે મળશે.

# કોઈ કછુ કહૈ મન લાગા

કોઈ કછુ કહૈ મન લાગા.

ઐસી પ્રીતિ લાગી મન મોહન,
જસ સોને મેં સુહાગા;

જનમ જનમ કા સોવે યે મનવા,
સદ્દગુરુ શબ્દ સુનિ જાગા. ... કોઈ કછું કહૈ.

માત, તાત, સુત, કુટુંબ-કબીલા,
તૂટ ગયા જૈસે ધાગા; ... કોઈ કછું કહૈ.

મીરાં કે પ્રભુ ગિરધર નાગર,
ભાગ્ય હમારા જાગા. ... કોઈ કછું કહૈ.

# કોઈ કહિયો રે પ્રભુ આવનકી

કોઇ કહિયો રે પ્રભુ આવનકી,

આવનકી મનભાવનકી.

આપ ન આવૈ લિખ નહિ ભેજૈ,

બાણ પડી લલચાવનકી.

એ દો નૈણ કહ્યો નહિ માને,

નદિયાં બહૈ જૈસે સાવનકી.

કહા કરું! કુછ નહિ બસ મોરો,

પંખ નહિ ઉડ જાવનકી;

મીંરા કહે પ્રભુ ! કબર મિલોગે !

ચેરી ભઇ હું તેરે દાંવનકી.

# કોઈ મને પ્રભુજી બતાવો રે

કોઈ મને પ્રભુજી બતાવો રે, મધુવનમાં૦

મધુ રે વનમાં શ્રી ગોકુળમાં, -કોઈ૦

તારી કૃપાનો હું પાર ન પામું,
મનમાં ફરે છે પ્રભુ તનમાં રે. મધુવનમાં૦

હાર જ તૂટ્યો ને શિર જ ભાંગ્યાં,
નીર તો ઝરે છે લોચનમાં રે. મધુવનમાં૦

ઢુંઢત ઢુંઢત વ્રજનારી રે ઢુંઢી,
વ્યાકુળ થઈ મારા મનમાં રે. મધુવનમાં૦

ખોજત ખોજત જગકે લોકો,
હરિ વસે છે હરિજનમાં રે. મધુવનમાં૦

બાઈ મીરાં કહે પ્રભુ ગિરધરના ગુણ,
આવી મળ્યા છે એક પળમાં રે. મધુવનમાં૦

# કોણ ભરે કોણ ભરે પાણી જમુનાનાં

કોણ ભરે કોણ ભરે પાણી જમુનાનાં,
કોણ ભરે કોણ ભરે પાણી ?
ઘર મારું દૂર, ગાગર શિર ભારી,
ખોટી થાઉં તો નણદી ઘેર વઢે. જમનાના૦

શિર પર કળશ કળશ પર ઝારી,
ઝારી પે બેઠી ઝારી મોજ કરે. જમનાના૦

આણી તીરે ગંગા, પેલી તીરે જમના,
વચમાં કાનુડો રંગ રાસ રમે. જમનાના૦

સાવ રે સોનાનો મારો ઘાટ ઘડૂલો,
ઉઢાણી તો રત્ન કનક જડે. જમનાના૦

બાઈ મીરાં કે પ્રભુ ગિરિધર નાગર,
ચરણ કમળ ચિત ધ્યાન કરે. જમનાના૦

# ગોવિંદના ગુણ ગાશું

ગોવિંદના ગુણ ગાશું,
રાણાજી, અમે ગોવિંદના ગુણ ગાશું.

ચરણામૃતનો નિયમ હમારે,
નિત્ય ઊઠી મંદિર જાશું ... રાણાજી અમે.

રાણોજી રૂઠશે તો રાજ તજાવશે,
પ્રભુજી રૂઠે રે મરી જાશું ... રાણાજી અમે.

વિષના પ્યાલા રાણાજીએ મોકલ્યા,
ચરણામૃત કરી લેશું ... રાણાજી અમે.

બાઈ મીરાં કહે પ્રભુ ગિરિધર નાગર,
ચરણકમળ પર વારી જાશું ... રાણાજી અમે.

# ચિત્તડાં ચોરાણાં તેને શું રે કરું?

શું કરું રાજ તારાં ? શું કરું પાટ તારાં ?
ચિત્તડાં ચોરાણાં તેને શું રે કરું? રાણા શું રે કરું ?
ભૂલી ભૂલી હું તો ઘર કેરાં કામ ... રાણા, ચિતડાં ચોરાણાં

અન્નડાં ન ભાવે, નેણે નિદ્રા ન આવે,
ગિરિધરલાલ વિના ઘડી ન આરામ ... રાણા, ચિતડાં ચોરાણાં

ચિત્તોડગઢમાં રાણી, ચોરેચૌટે વાતો થાય,
માનો મીરાં, આ તો જીવ્યું ન જાય ... રાણા, ચિતડાં ચોરાણાં

ઊભી બજારે રાણા, ગજ ચાલ્યો જાય છે,
શ્વાન ભસે તેને લજ્જા નવ થાય ... રાણા, ચિતડાં ચોરાણાં

નિંદા કરે રાણા, તારા નગરના લોક એ,
ભજન ભૂલું તો મારો ફેરો થાય ફોક ... રાણા, ચિતડાં ચોરાણાં

મનમાં ભજો મીરાં, નારાયણ નામને,
પ્રગટ ભજો તો મારાં છોડી જજો ગામ ... રાણા, ચિતડાં ચોરાણાં

નગરીના લોકો રાણા, મીરાંને મનાવે સૌ,
માનો માનો, ને કંઈ છોડો, એવી ચાલ ... રાણા, ચિતડાં ચોરાણાં

બાઈ મીરાં કહે પ્રભુ ગિરિધરના ગુણ વા'લા,
હરિને ભજીને હું તો થઈ હવે ન્યાલ ... રાણા, ચિતડાં ચોરાણાં

# જંગલ બીચ

જંગલ બીચ સાંયા! મેં તો પકડી આંબલિયાની ડાળ રે.
જંગલ બીચ મેં ખડી હો જી.

સરોવર કાંઠે બેઠોઇ એક બગલો
હંસલો જાણેવેને કર્યો મેં સંગ રે

મોઢામાં લીધેલ માછલી હો જી. -સાંયા.

ઊડી ગિયો હંસલો, ગાજે એની પાંખડી,
બાયુ! મરો પિયુડો ગિયો પરદેશ રે,

ફરુકે મારી આંખડી હો જી. -સાંયા.

બાઈ મીરાં ગૂંથે હાર, ફૂલ કેરા ગજરા,
બાયું! મારો શામળિયો રૂડો ભરથાર રે,

બીજા રે વરની આઁખડી હો જી. -સાંયા.

બાઈ મીરાં કહે છે પ્રભુ ગિરિધરના ગુણ વ્હાલા!
શરણું રાખો મર શ્યામ રે,

ભજન કરીએ ભાવથી હો જી... -સાંયા.

# જલદી ખબર લેના

જલદી ખબર લેના મેહરમ મેરી.

જલ વિના મીન મરે એક ક્ષણ મેં,
એવે અમૃત પાઓ તોય ઝેરી ઝેરી ... જલદી ખબર લેના.

બહોત દિનોં કા બિછોહ ઘડા હૈ,
અબ તો રાખો નેડી નેડી ... જલદી ખબર લેના.

ચકોર કો ધ્યાન લગો ચંદવાસું,
નટવા કો ધ્યાન લગો ડોરી ડોરી ... જલદી ખબર લેના.

સંત કો ધ્યાન લગ્યો રામ પ્યારે,
મૂરખ કો ધ્યાન મેરી મેરી ... જલદી ખબર લેના.

મીરાં કે પ્રભુ ગિરિધર નાગર,
તુમ પર સૂરત મેરી ઠેરી ઠેરી ... જલદી ખબર લેના.

# ઝૂમકહાર શીદ તોડ્યો ?

ઝૂમકહાર શીદ તોડ્યો ?

જળ જમુનાનાં ભરવાને ગ્યાં'તાં, ઘડૂલો મારો શીદ ફોડ્યો ?

વૃન્દાવનને મારગ જાતાં, કાંડું ઝાલીને હાર તોડ્યો.

પ્રીત કરી પણ કરતાં ન આવડી, નંદ આહીરનો છોરો.

બાઈ મીરાં કે પ્રભુ ગિરિધર નાગર, નંદલાલ, આવને ઓરો.

# ઝેર તો પીધાં છે જાણી જાણી

**ઝેર તો પીધાં છે જાણી જાણી**

ઝેર તો પીધા છે જાણી જાણી, મેવાડના રાણા;
ઝેર તો પીધા છે જાણી જાણી;
નથી રે પીધાં અણજાણી રે, મેવાડના રાણા.
ઝેર તો પીધા છે જાણી જાણી;
કોયલ ને કાગ રાણા, એક જ વરણાં રે;
કડવી લાગે છે કાગવાણી રે, મેવાડના રાણા;
ઝેર તો પીધાં છે જાણી જાણી.
ઝેરના કટોરા જ્યારે રાણાજી મોકલે રે;
તેનાં બનાવ્યાં દૂધ પાણી રે, મેવાડના રાણા;
ઝેર તો પીધાં છે જાણી જાણી.
સંતો છે માતા રાણા, સંતો છે પિતા રે;
સંતોની સંગે હું લોભાણી રે, મેવાડના રાણા;
ઝેર તો પીધાં છે જાણી જાણી.
સાધુડાના સંગ મીરાં છોડી દો;
તમને બનાવું રાજરાણી રે, મેવાડના રાણા;
ઝેર તો પીધાં છે જાણી જાણી.
સાધુડાનો સંગ રાણા નહિ છૂટે અમથી રે;
જનમોજનમની બંધાણી રે, મેવાડના રાણા;
ઝેર તો પીધાં છે જાણી જાણી.
મીરાં કહે પ્રભુ ગિરધર નાગર;
તમને ભજીને હું વેચાણી રે, મેવાડના રાણા;
ઝેર તો પીધાં છે જાણી જાણી.

# તને કાંઈ કાંઈ બોલ સુણાવા

તને કાંઈ કાંઈ બોલ સુણાવા,
મારા સાંવરા ગિરિધારી,
પૂરવ જનમની પ્રીત પુરાણી
આવને ગિરધારી ... મારા સાંવરા

સુંદર વદન જોવું સાજન,
તારી છબી બલિહારી,
મારા આંગણમાં શ્યામ પધારો,
મંગલ ગાવું નારી ... મારા સાંવરા

મોતી ચોક પૂરાવ્યા છે ને,
તન મન દીધા વારી,
ચરણ કમળની દાસી મીરાં,
જનમ જનમની કુંવારી ... મારા સાંવરા

# તમે રે સોનુ ને અમે રાખ

તમે રે સોનુ ને અમે રાખ,
રાણાજી અમને રાખના મળ્યા છે સવા લાખ.
હેજી મારું મનડું ભૂલે છે એની જાત
રાણાજી અમને રાખના મળ્યા છે સવા લાખ.

સોનું અમને શોભે નહિ રાણા
અમારે તો જોઇએ તુલસીની માળા
હેજી એવી મમતા બળીને થઇ છે ખાખ
રાણાજી અમને રાખના મળ્યા છે સવા લાખ.

અંગે ભભૂતી ભરી તનને સજાવ્યું અમે,
રાખે રગડીને એવું મનને ઉજાળ્યું અમે
હેજી એવી ઝીણી ઝબુકે પ્રેમ આગ
રાણાજી અમને રાખના મળ્યા છે સવા લાખ.

બાઇ મીરાં કહે પ્રભુ ગિરિધર નાગર,
સહેજે તરી ગ્યાં આ ભવસાગર
હેજી એવી આંખો બની છે પંડ પાથ
રાણાજી અમને રાખના મળ્યા છે સવા લાખ.

# તું સત્સંગનો રસ ચાખ

સત્સંગનો રસ ચાખ, પ્રાણી.
તું સત્સંગનો રસ ચાખ.

પ્રથમ લાગે તીખો ને કડવો,
પછી આંબા કેરી શાખ ... પ્રાણી, તું.

આ રે કાયાનો ગર્વ ન કીજે,
અંતે થવાની છે ખાખ. ... પ્રાણી, તું.

હસ્તિ ને ઘોડી, માલ ખજાના,
કાંઈ ન આવે સાથ. ... પ્રાણી, તું.

સત્સંગથી બે ઘડીમાં મુક્તિ,
વેદ પૂરે છે સાખ. ... પ્રાણી, તું.

બાઈ મીરાં કહે પ્રભુ ગિરિધરનાગર,
હરિચરણે ચિત્ત રાખ. ... પ્રાણી, તું.

# તેને ઘેર શીદ જઈએ ?

જેને મારા પ્રભુજીની ભક્તિ ના ભાવે રે,
તેને ઘેર શીદ જઈએ?
જેને ઘેર સંત પ્રાહુણો ના આવે રે,
તેને ઘેર શીદ જઈએ?

સસરો અમારો અગ્નિનો ભડકો,
સાસુ સદાની શૂળી રે,
એની પ્રત્યે મારું કાંઈ ના ચાલે રે,
એને આંગણિયે નાખું પૂળી રે ... તેને ઘેર શીદ...

જેઠાણી અમારી ભમરાનું જાળું,
દેરાણી તો દિલમાં દાઝી રે,
નાની નણંદ તો મોં મચકોડે,
તે ભાગ્ય અમારે કર્મે પાજી રે ... તેને ઘેર શીદ...

નાની નણંદ તો મોં મચકોડે,
બળતામાં નાખે છે વારિ રે,
મારા ઘર પછવાડે શીદ પડી છે?
બાઈ તું જીતી ને હું હારી રે ... તેને ઘેર શીદ...

તેને ખૂણે બેસીને મેં તો ઝીણું કાંત્યું,
તે નથી રાખ્યું કાંઈ કાચું રે,
બાઈ મીરાં ગિરિધર ગુણ ગાવે,
તારા આંગણિયામાં થેઈ થેઈ નાચું રે ... તેને ઘેર શીદ...

# તેરા કોઈ નહીં રોકનહાર

તેરા કોઈ નહીં રોકનહાર, મગન હોય મીરાં ચલી રે.

લાજ સરમ કુલકી મરજાદા, સિરસે દૂર કરી;

માન-અપમાન દોઉ ધર પટકે, નિકસી હું ગાનગલી.

ઊંચી અટરિયા લાલ કિવડિયા, નિરગુન સેજ બીછી;

પંચરંગી ઝાલર સુભ સોહૈ, ફૂલન ફૂલકલી.

બાજૂબન્દ કડૂલા સોહૈ, સિંદૂરમાંગ ભરી;

સમિરન થાલ હાથમેં લીન્હા, શોભા અધિક ખરી.

સેજ સુષમણા મીરાં સોવે, સુભ હૈ આજ ઘરી;

તુમ જાવો રાણા ઘર અપને, મેરી તેરી નહિ સરી.

# દુખડા દિયે છે દાડી દાડી

દુખડા દિયે છે દાડી દાડી, હે કાનુડા તારી મોરલી રે અમને,
દુખડા દિયે છે દાડી દાડી...

માઝમ રાતની રે મધરાતે સુરની,
વાંસળી તે કોણે વગાડી,
હું રે સુતી'તી મારા શયન ભવનમાં ને,
નિંદરા તે કોણે ભગાડી. દુખડા દિયે છે..

સાસુ સસરાથી રે હું તો છાનીમાની ઉઠીને,
હળવેથી બાર ઉઘાડી,
વ્યાકુળ થઈને હું તો તનડામાં મારા,
પહેરતાં તો ભૂલી ગઈ સાડી. દુખડા દિયે છે..

કિયા રે કુહાડે તને કાપી રે લાવ્યો,
કિયા રે સુથારે સુંવાળી,
શરીર જોને તારું સંઘે રે ચડાવી,
તારા મનડામાં છેદ પડાવી. દુખડા દિયે છે..

મોરલી કહે હું તો કામણગારી,
હું તો છું વ્રજ કેરી નારી,
બાઈ મીરાં કહે પ્રભુ ગીરીધર નાગર,
તનડામાં તાપ રે સમારી. દુખડા દિયે છે..

# નાચે નાચે નંદનો નાનડિયો

નાચે નાચે નંદનો નાનડિયો, તા થનક થનક તા થઈ.

તાલ બંધ તાલ વાગે હાં લાલ મોરલી બજાવે લઈ. નાચે૦

નારદ નૃત્ય કરંતાઅ આગે, હાં રે નાચે રાધા સખીઓ લઈ. નાચે૦

બ્રહ્મા વેદ ભણંતા આગે, હાં રે ત્યાં સૂર્ય સ્થંભી રહ્યો મોહી. નાચે૦

મીરાં કે પ્રભુ ગિરિધર નાગર, હાં રે કૃષ્ણજીએ મોરલી બજાઈ. નાચે૦

# પ્રભુજી મન માને જબ તાર

પ્રભુજી મન માને જબ તાર.

નદિયાં ગહિરે નાવ પુરાને,
અબ કૈસે ઊતરું પાર ? ... પ્રભુજી મન માને.

વેદ પુરાનાં સબ કુછ દેખે,
અંત ન લાગે પાર ... પ્રભુજી મન માને.

મીરાં કે પ્રભુ ગિરધર નાગર,
નામ નિરંતર સાર ... પ્રભુજી મન માને.

# પ્રાણજીવન પ્રભુ મારા

તમે અબોલા શીદ લ્યો છો રાજ,
પ્રાણજીવન પ્રભુ મારા?
અમને દુઃખડાં શીદ દ્યો છો રાજ,
પ્રાણજીવન પ્રભુ મારા?

તમે અમારા, અમે તમારા,
ટાળી શું દ્યો છો રાજ? ... પ્રાણજીવન.

ઊંડે કૂવે ઊતર્યા છે વહાલા,
છેહ આમ શું દ્યો છો રાજ? ... પ્રાણજીવન.

મીરાં કહે પ્રભુ ગિરિધરના ગુણ,
હૃદયકમલમાં રહો છો રાજ ... પ્રાણજીવન.

## અન્ય સંસ્કરણ

તમે અબોલા શીદ લ્યો છો રાજ? અમને દુઃખડાં શીદ દ્યો છો રાજ?

તમે અમારા, અમે તમારા, ટાળી દોષ શું દ્યો છો રાજ?

અમૃત પાઈ ઉછેર્યાં વહાલા, વિખ ઘોળી શું દ્યો છો રાજ ?

ઊંડે કૂવે ઊતાર્યાં વહાલા, છેહ આમ શું દ્યો છો રાજ?

મીરાં કહે પ્રભુ ગિરિધર નાગર, હૃદયકમલમાં રહો છો રાજ

# પ્રેમ થકી અમને પ્રભુજી મળ્યા

નિત્ય નિત્ય ભજીએ તારું નામ, તારું નામ,
પ્રેમ થકી અમને પ્રભુજી મળ્યા હો જી.

આણી તીરે ગંગા વ્હાલા! પેલી તીરે જમના,
વચમાં ગોકુળિયું રૂડું ગામ રે ... પ્રેમ થકી.

વૃંદા તે વનના ચોકે રાસ રચ્યો છે, વ્હાલા!
સોળસે ગોપીમાં ઘેલો કાન રે ... પ્રેમ થકી.

અન્ન ન ભાવે, નયણે નિંદ્રા ન આવે, વહાલા!
સે'જે પધારો સુંદરશ્યામ રે ... પ્રેમ થકી.

બાઈ મીરાં કે પ્રભુ! ગિરિધરના ગુણ વહાલા!
છેલ્લી ઘડીના રામોરામ રે ... પ્રેમ થકી.

# પ્રેમની વાત છે ન્યારી

પ્રેમની વાત છે ન્યારી, ઓધવજી, પ્રેમની વાત છે ન્યારી.

પ્રેમની વાતમાં તમે શું જાણો ? ને બીજા શું જાણે સંસારી ?

પ્રેમની વાતમાં ભૂલ્યા છો ભક્તો, તન મન ધન ઓવારી.

તમારો રંગ, ઓધા, રંગ છે પતંગનો, અમારો રંગ છે કરારી.

મીરાં કે પ્રભુ ગિરિધર નાગર, ચરણકમલ બલિહારી.

# ફાગુન કે દિન ચાર

ફાગુન કે દિન ચાર હોલી ખેલ મના રે
બિન કરતાલ પખાવજ બાજૈ
અનહદકી ઝનકાર રે
બિન સુર રાગ છતીસૂં ગાવૈ
રોમ રોમ રણકાર રે ... ફાગુન કે દિન
શીલ સંતોષ કી કેસર ઘોલી
પ્રેમ પ્રીત પિચકાર રે,
ઉડત ગુલાલ લાલ ભયો અંબર,
બરસત રંગ અપાર રે ... ફાગુન કે દિન
ઘટકે સબ પટ ખોલ દિયે હૈં
લોકલાજ સબ ડાર રે,
મીરાં કે પ્રભુ ગિરધર નાગર
ચરણકમલ બલિહાર રે ... ફાગુન કે દિન

## અન્ય સંસ્કરણ

ફાગણ કે દિન ચાર, હોલી ખેલ મના રે
બીન કરતાલ પખાવજ બાજે
અનહદકી ઝનકાર. હોલી૦
બીન સુર રાગ છતીશ આલાવે
રોમ રોમ રનકાર. હોલી૦
શીલ સંતોષકી કેશર ઘોલી
પ્રેમકી ભરી પિચકાર. હોલી૦
ઉડત ગુલાલ, લાલ ભયે બાદલ,
બરસત રંગ અપાર. હોલી૦
ઘૂંઘટ કે સબ પટ ખુલ ગયે સબ
લોકલાજ સબ ડાર. હોલી૦
હોલી ખેલે પ્રીતમ પ્યારી,
સોપ્રીતમ ચિત ધાર. હોલી૦
મીરાં કે પ્રભુ ગિરધર નાગર
ચરણકમલ બલિહાર રે હોલી૦

# બંસી

રાધા પ્યારી ! દે ! દે ! બંસી હમેરી;
બંસી હમેરી, એ બંસરી હમેરી. રાધા૦

યે બંસીમેં મેરા પ્રાન બસા હૈ;
વો બંસી લેઇ ગઈ ચેરી.  રાધા૦

ના સોનેકી, બંસી ના રુપેકી;
હરે હરે બાંસકી પેરી.  રાધા૦

કાહેસે ગાવું રાધા ! કાહેસે બજાવું ?
કાહેસે લાવું ગૌઆં ઘેરી ? રાધા૦

મુખસે ગાઓ, કા'ના ! કરસે બજાઓ;
લકરીસે લાવો  ગઉંગા ઘેરી.  રાધા૦

ઘટી એક મુખમેં , ઘટી એક કરમેં;
ઘટી એક અધર ધરી.  રાધા૦

મીરાંકે પ્રભુ ગિરિધર નાગર;
ચરણકમલ પર બરોરી.  રાધા૦

# બાંહ ગ્રહે કી લાજ

અબ તો નિભાયાં પડેગા,
બાંહ ગ્રહે કી લાજ.
સમરથ શરણ તુમ્હારી સૈયાં,
સરબ સુધારણ કાજ.

ભવસાગર સંસાર અપરબલ,
જામેં તુમ હો જહાજ!
નિરધારાં આધાર જગત-ગુરુ,
તુમ બિન હોય અકાજ ... બાંહ ગ્રહે

જુગજુગ ભીર હરી ભગતન કી,
દીની મોક્ષ સમાજ,
મીરાં શરણ ગ્રહી ચરણન કી,
લાજ રખો મતરાજ ... બાંહ ગ્રહે

# બાલ મેં વૈરાગણ હૂંગી

બાલ મેં વૈરાગણ હૂંગી.
જિન ભેષા મ્હારો સાહિબ રીઝે, સો હી ભેષ ધરુંગી.

શીલ સંતોષ ધરું ઘટ ભીતર, સમતાં પકડ રહૂંગી,
જાકો નામ નિરંજન કહિયે, તાકો ધ્યાન ધરુંગી.

ગુરુ કે ગ્યાન રંગૂં તન કપડાં, મન મુદ્રા પહેરુંગી,
પ્રેમ-પ્રીતસૂ હરિગુણ ગાઉં, ચરણન લિપટ રહૂંગી.

યા તનકી મૈં કરું કીંગરી, રસના નામ કહૂંગી,
મીરાં કે પ્રભુ ગિરિધર નાગર, સાધૂ સંગ રહૂંગી.

# બીસર ગઈ મેરો હાર

બીસર ગઈ મેરો હાર, જમનાતીરે, બીસર ગઈ મેરો હાર

ઇત ગોકુલ, ઉત મથુરા નગરી, કૈસે ઉતરું પાર ? જમના૦

મેં જલ યમુના ભરન જાત રી, મિલગયે નંદકુમાર. જમના૦

વૃંદાવનકી કુંજ ગલિનમેં, નૃત્યકરત હૈ મુરાર. જમના૦

મીરાંકે પ્રભુ ગિરિધર નાગર, ચરણકમલ બલિહાર. જમના૦

# ભજ લે રે મન ગોવિંદ ગુણા

ભજ લે રે મન ગોવિંદ ગુણા.
ગોવિંદ ગુણા, ગોપાલ ગુણા, ભજ લે રે મન ગોવિંદ ગુણા

અધમ તરે અધિકાર ભજન સો, જોઈ આયે હરિશરણા,
ના વિશ્વાસ તો સાક્ષી બતાઉં, અજામીલ ગણિકા સદના ... ભજ લે રે મન.

જો કૃપાળુ તન, મન, ધન દીન્હો, નયન-નાસિકા-મુખ-રસના,
જાકો રચત માસ દશ લાગે, તાહિ ન સુમિરો એક ક્ષણા ... ભજ લે રે મન.

બાલપન સબ ખેલ ગંવાયો, તરુણ ભયા તબ રૂપધના,
વૃદ્ધ ભયો તબ આલસ ઊપજ્યો, માયા મોહ ભયો મગના ... ભજ લે રે મન.

ગજ અરુ ગીધ તરે ભજનોં સે, કોઈ તર્યો નહિ ભજન બિના
ધના ભગત પીપામુનિ શબરી, મીરાં કી કર તામે ગણના ... ભજ લે રે મન.

# ભજન ભરોંસે અવિનાશી

ભજન ભરોંસે અવિનાશી, મેં તો ભજન ભરોંસે, અવિનાશી!

જપતપ તીરથે કાંઈયે ન જાણું, ફરત મેં ઉદાસી રે.

મંત્ર ને તંત્ર કાંઈયે ન જાણું, વેદ પઢ્યો ન ગઈ કાશી રે

મીરાં કે પ્રભુ ગિરિધર નાગર, ચરણકમલની દાસી રે.

# મત જા મત જા મત જા જોગી

જોગી ! મત જા, મત જા મત જા
પાય પરું મૈં તેરી ... જોગી૦

પ્રેમભક્તિ કો પેંડો હિ ન્યારો
હમ કો ગેલ બતા જા ... જોગી૦

અગરચંદનકી ચિતા રચાવું,
અપને હાથ જલા જા ... જોગી૦

જલ બલ ભઈ ભસમ કી ઢેરી,
અપને અંગ લગા જા ... જોગી૦

મીરાં કે પ્રભુ ગિરિધર નાગર,
જ્યોત મેં જ્યોત મિલા જા ... જોગી૦

# મન ભજી લે મોહન પ્યારાને

મન ભજી લે મોહન પ્યારાને,
પ્યારાને મોરલીવાળાને ... મન ભજી લે.

સાત સમંદર તરી તરી આવ્યો,
ડૂબી મર મત આરા મેં. ... મન ભજી લે.

મનુષા દેહ મળેલો છૂટવા,
શું ભૂલ્યો ભમે ઘરબારામેં ? ... મન ભજી લે.

મીરાં કહે પ્રભુ ગિરિધરના ગુણ,
હરિ ભજી લે યે વારામેં. ... મન ભજી લે.

# મનડું વિંધાણું રાણા

મારું મનડું વીંધાણું રાણા, ચિતડું ચોરાણું, રાણા શું રે કરું ?
શું રે કરું ? વિષ પીધે ના મરું, હો રાણા શું રે કરું ? મારું૦

નિંદા કરે છે મારી, નગરીના લોક રાણા;
તારી શિખામણ હવે, મારે મન ફોક. રાણા શું રે કરું ?

ભરી બજારમાંથી હાથી હાલ્યો જાય રાણા;
શ્વાન ભસે છે તેમાં હાથી શું થાયે ? રાણા, શું રે કરું ?

ભૂલી રે ભૂલી હું તો, ઘરના રે કામ રાણા;
ભોજન ના ભાવે, નયણે નિંદ છે હરામ રાણા, શું રે કરું ?

બાઇ મીરાં કહે પ્રભુ ગિરિધર નાગર વા'લા;
પ્રભુને ભજીને હું તો થઇ ગઇ ન્યાલ રાણા, શું રે કરું ?

# મનવા રામનામ રસ પીજૈ

રામનામ રસ પીજૈ,
મનવા, રામનામ રસ પીજૈ.

તજ કુસંગ સતસંગ બૈઠ નિત,
હરિચરચા સુનિ લીજૈ ... મનવા.

કામ ક્રોધ મદ લોભ મોહકૂં,
બહા ચિત્તસે દીજૈ ... મનવા.

મીરાં કે પ્રભુ ગિરિધર નાગર,
તાહિકે રંગમેં ભીંજૈ ... મનવા.

# મને કૃષ્ણ કનૈયાની મોરલી ગમે

મને કૃષ્ણ કનૈયાની મોરલી ગમે,
મને જશોદાના લાલની મોરલી ગમે.
મને કૃષ્ણ કનૈયાની ...

રાત-દિવસ મારા મનમાં વસી,
રાત-દિવસ મારા દિલમાં વસી,
મને કૃષ્ણ કનૈયાની ...

વા'લા વનમાં તેં મોરલી વગાડી હતી,
તમે સુતી ગોપીને જગાડી હતી,
મને કૃષ્ણ કનૈયાની ...

વા'લા મોરલીમાં આવું શું જાદુ કર્યું,
તમે સારું ગોકુળીયું ઘેલું કર્યું,
મને કૃષ્ણ કનૈયાની ...

મીરાં મસ્ત બની છે સાધુ-સંતમાં રે,
એ તો વહી ગઈ રણછોડજીનાં અંગમાં રે,
મને કૃષ્ણ કનૈયાની ...

# મહી લૂંટે, મોહન મહી લૂંટે

મહી લૂંટે, મોહન મહી લૂંટે

વલગા ઝૂમી શાને કરો છો? હાર હૈયાનો તૂટે. મોહન૦

પીઓ તો હરિ પેટ ભરીને, તારે પીધે નહીં ખૂટે. મોહન૦

મીરાં કે પ્રભુ ગિરિધન નાગર, ચરણકમલ પર ઝૂકે. મોહન૦

# માઈ, મને મળિયા મિત્ર ગોપાલ

માઈ, મને મળિયા મિત્ર ગોપાલ, નહીં જાઉં સાસરે.

સંસાર મારું સાસરું ને મહિયેર વૈકુંઠ વાસ,
લખચોરાસી ફેરા હતો તે, મૂક્યો મેં મોહન પાસ ... નહીં જાઉં.

સાસુ મારી સુકૃત કહીએ, સસરો પ્રેમ સુજાણ,
નાવલિયો અવિનાશી વિશ્વંભર, પામી હું જીવનપ્રાણ. ... નહીં જાઉં.

સાથી અમારા સંત સાધુ, સાધન ધીરજ ધ્યાન,
કર જોડી મીરાં વીનવે, હવે પામું ન ગર્ભાધાન. ... નહીં જાઉં.

# માછીડા હોડી હલકાર

માછીડા હોડી હલકાર, મારે જાવું હરિ મળવાને
હરિ મળવાને પ્રભુ મળવાને ... માછીડા હોડી૦

તારી હોડીને હીરલે જડાવું,
ફરતી મૂકાવું ઘુઘરમાળ. મારે જાવું૦

સોનૈયા આપું રૂપૈયા આપું,
આપું હૈયા કેરો હાર. મારે જાવું૦

આણી તીરે ગંગાને પેલી તીરે જમુના,
વચમાં વસે નંદલાલ. મારે જાવું૦

કાલંદીને રે તીરે ધેનુ ચરાવે,
વ્હાલો બની ગોવાળ. મારે જાવું૦

વૃંદાવનની કુંજગલીમાં,
ગોપી સંગ રાસ રમનાર. મારે જાવું૦

બાઈ મીરા કે ગિરધર નાગર,
કૃષ્ણજી ઉતારો પેલે પાર. મારે જાવું૦

# માનસરોવર જઈએ

માનસરોવર જઈએ, કુડી રે કાયા,
માનસરોવર જઈએ.

હંસલો જાણીને વીરા સંગત કરીએ રે,
ભેળાં બેસીને મોતી ચણીએ રે.. કુડી રે કાયા...

સાધુ સંગાથે વીરા,સાધુ કહેવાયે,
નિત નિત ગંગાજીમાં નાહીએ રે.. કુડી રે કાયા...

માંહ્યલાએ મનડાને, કેમ તુ ભૂલ્યો વીરા,
દરશન ગુરુજીના કરીએ રે.. કુડી રે કાયા...

બાઈ મીરાં કહે પ્રભુ, ગીરીધર નાગર,
ભવસાગર થી તરીએ રે.. કુડી રે કાયા...

# મારાં ભાગ્ય ફળ્યાં રે

આજ મારે સાધુજનોનો સંગ રે રાણા,
મારાં ભાગ્ય ફળ્યાં રે આજ ... (ટેક)

સાધુજનોનો સંગ જો કરીએ પિયાજી,
ચડે તે ચોગણો રંગ રે ... મારાં ભાગ્ય ફળ્યાં.

સાકુટ જનનો સંગ ન કરીએ પિયાજી
એ તો પાડે ભજનમાં ભંગ રે ... મારાં ભાગ્ય ફળ્યાં.

અડસઠ તીરથ સંતોને ચરણે પિયાજી,
કોટિ કાશી ને કોટિ ગંગ રે ... મારાં ભાગ્ય ફળ્યાં.

નિંદા કરશે તે તો નર્કમાં જાશે પિયાજી,
થાશે આંધળાં અપંગ રે ... મારાં ભાગ્ય ફળ્યાં.

મીરાં કહે ગિરિધરના ગુણ ગાયો પિયાજી,
સંતોની રજમાં શિર સંગ રે ... મારાં ભાગ્ય ફળ્યાં.

# મારી વાડીના ભમરા

મારી વાડીના ભમરા, વાડી મારી વેડીશ મા,
વાડી વેડીશ મા, ફૂલડાં તોડીશ મા.

મારી વાડીમાં, વહાલા પવનપાંદડીઓ,
ધીરજ ધરજે, મન! તું દોડીશ મા.

મારી વાડીમાં વહાલા, ચંપો ને મરવો,
વાસ લેજે તું, ફૂલ તોડીશ મા.

મારી વાડીમાં વહાલા, આંબો રે મોર્યો,
પાકા લેજે, કાચા તોડીશ મા.

મારી વાડીમાં વહાલા, ત્રિકમ ટોયો,
ગોફણ લેજે, ગોળો છોડીશ મા.

બાઈ મીરાં કહે, પ્રભુ ગિરિધર નાગર,
ચરણકમલ ચિત્ત છોડીશ મા.

# મારે જાવું હરિ મળવાને

માછીડા હોડી હંકાર, મારે જાવું હરિ મળવાને,
હરિ મળવાને, પ્રભુ મળવાને ... માછીડા હોડી હંકાર.

તારી હોડીને હીરલે જડાવું, ફરતી મુકાવું ઘૂઘરમાળ,
સોનૈયા આપું, રૂપૈયા આપું, આપું હૈયા કેરો હાર ... મારે જાવું.

આણી તીર ગંગા ને પેલી તીર જમના, વચમાં વસે નંદલાલ,
કાલંદીને રે તીરે ધેનુ ચરાવે, વ્હાલો બની ગોવાળ ... મારે જાવું.

વૃંદાવનની કુંજગલીનમાં, ગોપી સંગ રાસ રમનાર,
બાઈ મીરાં કહે ગિરિધર નાગર, કૃષ્ણ ઉતારો પેલે પાર ... મારે જાવું.

# મારે વર તો ગિરિધરને વરવું છે

મારે વર તો ગિરિધરને વરવું છે,
હાં રે બીજાને મારે શું કરવું છે? રે ... મારે વર તો.

નંદના કુંવર સાથે નેડલો બંધાણો રે,
હાં રે મારે ધ્યાન ધણીનું ધરવું છે રે ... મારે વર તો.

અવર પુરુષની મારે આશ ન કરવી રે,
હાં રે મારે છેડલો ઝાલીને ફરવું છે રે ... મારે વર તો.

સંસારસાગર મોહજાળ ભરિયો રે,
હાં રે મારે તારે ભરોસેં તરવું છે રે ... મારે વર તો.

બાઈ મીરાં કહે પ્રભુ ગિરિધર નાગર!
હાં રે મારે રાસમંડળમાં રમવું છે રે ... મારે વર તો.

# મીરાં ભક્તિ કરેરે પ્રકટકી

મીરાં ભક્તિ કરે રે પ્રકટકી ! નાથ તુમ જાનત હો સબ ઘટકી; (ધ્રુ.૦)
રામમંદિર મીરાં દર્શન આવત, તાલ બજાવત ચટકી,
પાયલ ઘુઘુરૂં રુમઝુમ વાગત, લાજ સંભાળો ધુંઘટકી ! મીરાં૦
ધ્યાન ધરત મીરાં ધરણીધરનકો ને સેવા કરત ખટપટકી,
શાલિગ્રામકું તુલસી ચ્હડાવત, ભાલ તિલક, માંહી ટપકી ! મીરાં૦
વિખના પ્યાલા રાણાજીએ ભેજ્યા ને સાધુ સંગત મીરાં અટકી,
હરિચરણામૃત કરી પી ગઈ મીરાં, જેસી જાનત અમૃત ઘટકી. મી૦
સુરદોરપર ચલી એક ધારા ને સીર ગગરીપર મટકી,
બાઈ મીરાં કહે પ્રભુ ગીરધર નાગર, એસી સુરત બની જ્યમ નટકી ।
મીરાં ભક્તિ કરેરે પ્રકટકી!

# મીરાંને પૂર્વજન્મની પ્રીત રે.

મીરાંને પૂર્વજન્મની પ્રીત રે.
મીરાંને હૈડે લખાણાં હરિનાં નામ રે, નામ નહિ રે છોડું.

સાખી

રાણાજીએ આપિયો મીરાંને ભૂતડાં ભેલો વાસ;
ભૂતપ્રેત ભાગી ગયાં, મીરાંને ઇંદ્રભુવન થયો અવાસ રે.
નામ નહિ રે છોડું. મીરાંને૦

વિષના પ્યાલા રાણાએ મોકલ્યા, દેજો મીરાંને હાથ;
અમૃત કરી મીરાં પી ગયાં, જેને રાખનવાળો રઘુનાથ રે;
નામ નહિ રે છોડું. મીરાંને૦

રાણે વસીયલ મોકલ્યો, દેજો મીરાંજે જઈ;
પૂજી મીરાં પી ગયાં, જેને રાખનવાળો રઘુ નાથ રે;
નામ નહિ રે છોડું. મીરાંને૦

રાણે રજા આપી પછી કાઢી ગનીને કાશ;
મીરાં ચાલ્યાં મહાલતાં, બાઇને ભાવ્યો છે વ્રજનો સુવાસ રે;
નામ નહિ રે છોડું. મીરાંને૦

પાછળથી પસ્તાઈને રાણો કહે કોઈ જાઓ;
વેગે કહેજો વેનવી મીરાંબાઈ એક વાર ચિતોડગઢ આવો રે;
નામ નહિ રે છોડું. મીરાંને૦

# મુંને લહેર રે લાગી

મુંને લહેર રે લાગી હરિના નામની રે,
હું તો ટળી રે સંસારીયાના કામની રે ... મુંને.

ચોટ લાગી તે ટાળી કદી નહીં ટળે રે,
ભલે કોટિ પ્રયત્ન દુર્જન કરે રે ... મુંને.

હું તો બાવરી ફરું છું મારા હ્રદયમાં રે,
મારી સૂરતી શામળિયાના પદમાં રે ... મુંને

મહામંત્ર સુણાવ્યો મારા કાનમાં રે,
હું તો સમજી મોહનજીને સાનમાં રે ... મુંને

મીરાંબાઈને ગુરુજી મળ્યા વાટમાં રે,
એણે છોડી દીધેલ રાજ પાટના રે ... મુંને

# મુરલીયાં બાજે જમુના તીર

મુરલીયાં બાજે જમુના તીર
બાજે જમુના તીર ... મુરલીયાં

મુરલીએ મારું મન હરી લીધું
ચિત્ત ધરે નહીં ધીર ... મુરલીયાં

શ્યામ કન્હૈયા, શ્યામ કમરીયાં
શ્યામ જમુના નીર ... મુરલીયાં

ધૂન મુરલી સુણી સુધબુધ વિસરી,
વિસરી મારું શરીર ... મુરલીયાં

મીરાં કે પ્રભુ ગિરિધર નાગર
ચરણ કમળ પર શિર ... મુરલીયાં

# મેં તો કાયા કારણ ભેખ લીધા

કાયા કારણ ભેખ લીધા, રાણાજી!
મેં તો કાયા કારણ ભેખ લીધા.

રમતા ને ભમતા જોગી આવ્યા આંગણિયે મારે,
દાસી જાણીને દર્શન દીધાં ... રાણાજી.

ગિરિધરલાલ વિના ઘડી ન ગોઠે રાણા!
હરિરસ ઘોળી ઘોળી પીધાં ... રાણાજી.

મોહને મોહ કર્યા કારમા અતિશે, રાણા,
કંથા પહેરીને નેડા કીધા ... રાણાજી.

બાઈ મીરાં કહે પ્રભુ ગિરિધરના ગુણ વહાલા,
જંગલે જઈને ડેરા દીધા ... રાણાજી.

# મેં તો છાંડી કુલ કી લાજ

મેં તો છાંડી કુલ કી લાજ,
રંગીલો રાણો કાંઈ કરશે, મહારાજ !

પાંવ મેં બાધૂંગી મૈં ઘૂઘરા, હાથ મેં લૂંગી સિતાર;
હરિ કે ચરનું આગે નાચતી રે, કાંઈ રીઝેગો કિરતાર. ... મૈં તો છાંડી.

ઝેર કો પ્યાલો રાણાજી ભેજ્યો, ધરિયો મીરાંબાઈ હાથ;
કરી ચરણામૃત પી ગઈ રે, શ્રી ઠાકુર કો પરસાદ ... મૈં તો છાંડી.

રાણાજીએ રીસ કરી ભેજ્યો, ઝેરી નાગ અસાર;
પકડ ગલે બિચ ડાલિયો, કાંઈ હોય ગયો ચંદનહાર. ... મૈં તો છાંડી.

મીરાં કે ગિરધારી મિલિયા, જનમ જનમ ભરથાર;
મેં તો દાસી જનમ જનમ કી, કૃષ્ણ કંથ સરદાર. ... મૈં તો છાંડી.

# મેં તો હરિગુણ ગાવત નાચુંગી

મેં તો હરિગુણ ગાવત નાચુંગી.

નાચુંગી મેં તો નાચુંગી, મેં તો હરિગુણ ગાવત નાછુંગી. મેં તો૦

અપને મહલમેં બેઠબેઠ કર, ગીતા ભાગવત વાંચુંગી. મેં તો૦

જ્ઞાન ધ્યાનકી ગઠરી બાંધકર, હૃદયકમલમેં રાચુંગી. મેં તો૦

બાઈ મીરાં કે પ્રભુ ગિરિધર નાગર, સદા પ્રેમરસ ચાખુંગી. મેં તો૦

# મૈં ગિરિધર કે ઘર જાઊં

મૈં ગિરિધર કે ઘર જાઊં.
ગિરિધર મ્હાંરો સાંચો પ્રીતમ, દેખત રૂપ લુભાઉં;
રૈન પડે તબહી ઊઠિ જાઉં, ભોર ભયે ઊઠિ આઉં. મૈં૦
જો પહિરાવૈ સોઈ પહિરું, જો દે સોઈ ખાઉં;
મેરી ઉનકી પ્રીત પુરાની, ઉન બિન પલ ન રહાઉં. મૈં૦
જહાં બિઠાવૈ તીતહી બૈઠું,બેચૈ તો બિક જાઉં;
મીરાં કે પ્રભુ ગિરિધર નાગર, બાર નાઅ બલિ જાઉં. મૈં૦

# મૈં બિરહિણી બૈઠી જાગું

મૈં બિરહિણી બૈઠી જાગું, જગત સબ સોવૈ, રી આલી.
બિરહિણી બૈઠી રંગમહલમેં, મોતિયનકી લટ પોવૈ,
ઇક બિરહિણી હમ ઐસી દેખી, અંસુઅનકી માલા પૌવે. મૈ૦
તરે ગિન ગિન રૈન બિહાની, સુખકી ઘડી કબ આવે ?
મીરાં કે પ્રભુ ગિરિધર નાગર, જબ મોહિ દરસ દિખાવે. મૈ.૦

# મોરલી વાગી

મોરલી વાગી.
ભરનિદ્રામાં હું રે સૂતી'તી, ઝબકીને જોવા જાગી.
વૃન્દાવનને મારગ જાતાં સામો મળ્યા સોહાગી.
મીરાં કે પ્રભુ ગિરિધર નાગર, ચરણકમલ લેહ લાગી.

# મોરી લાજ તું રખ લે ભૈયા

મોરી લાજ તું રખ લે ભૈયા, નંદજી કે ઘર કુંવર કનૈયા;

પેઠ પાતાલ કાલીનાગ નથ્યો, ફણ પર નૃત્ય કરૈયા. નંદ૦

જમુના કે તીર ધેનુ ચરાવે, મુખ પર મોરલી બજૈયા.નંદ૦

મોરમુકુટ પીતાંબર સોહે, કાનકુંડલ ઝલકૈયા. નંદ૦

મીરાં કે પ્રભુ ગિરિધર નાગર, ચરણકમળ લપટૈયા. નંદ૦

# મ્હારે ઘર આઓ પ્રીતમ પ્યારા

મ્હારે ઘર આઓ પ્રીતમ પ્યારા.

તન મન ધન સબ ભેટ ધરુંગી ભજન કરુંગી તુમ્હારા,

તુમ ગુણવંત સુસાહિબ કહિયે, મોંમે ઔગુણ સારા.

મૈં નિગુણી કછુ નહિ જાનુ તુમ છો સબગણહારા,

મીરાં કહે પ્રભુ કબ રે મિલોગે તુમ બિન નૈણ દુઃખારા.

# રાણાજી, તૈં ઝહર દિયો મૈં જાની

રાણાજી, તૈં ઝહર દિયો મૈં જાની.

જબ લગ કંચન કસિયે નાહી,
હોત ના બારા પાની;
લોકલાજ કુલ કાન જગતકી,
બહાય દીની જૈસે પાની. ... રાણાજી.

અપને ઘરકા પરદા કર લે,
મૈં અબલા બૌરાની;
તરકસ તીર લગ્યો મેરે હિયરે,
ગરક ગયો સનકાની ... રાણાજી.

મીરાં પ્રભુ કે આગે નાચી,
ચરણકમલ લપટાની ... રાણાજી.

# રામ છે રામ છે

રામ છે રામ છે રામ છે રે,
મારા હ્રદયમાં વા’લો રામ છે!

આ રે મંદિરે મારી સાસુ ને સસરો,
સામે મંદિરિયે શ્યામ છે રે ... મારા.

સાસુ જૂઠી ને મારી નણદી હઠીલી,
ન્હાનો દિયરિયો નકામ છે રે ... મારા.

બાઈ મીરાં કહે પ્રભુ ગિરિધરના ગુણ,
વચમાં ગોકુળિયું ગામ છે રે ... મારા.

# રામ રાખે તેમ રહીએ

રામ રાખે તેમ રહીએ,
ઓધવજી રામ રાખે તેમ રહીએ...
હે આપણે ચીઠ્ઠીના ચાકર છૈએ,
ઓધવજી રામ રાખે તેમ રહીએ...

કોઇ દિન પહેરણ હિર ને ચીર
તો કોઇ દિન સાદા ફરીએ,
કોઇ દિન ભોજન શિરો ને પૂરી
તો કોઇ દિન ભુખ્યાં રહીએ,
ઓધવજી, રામ રાખે તેમ રહીએ...

કોઇ દિન રહેવાને બાગ-બગીચા
તો કોઇ દિન જંગલ રહીએ,
કોઇ દિન સુવાને ગાદી ને તકીયા
તો કોઇ દિન ભોંય પર સુઇએ,
ઓધવજી, રામ રાખે તેમ રહીએ...

બાઇ મીરાં કહે પ્રભુ ગિરિધરના ગુણ
સુખ-દુ:ખ સર્વે સહીએ
હે આપણે ચીઠ્ઠીના ચાકર છૈએ.
ઓધવજી, રામ રાખે તેમ રહીએ...

# રૂડીને રંગીલી રે

રૂડીને રંગીલી રે વ્હાલા, તારી વાંદળી રે જી.

મીઠી ને મધુરી રે માવા, તારી મોરલી રે જી;
એ તો મારે મંદિરિયે સંભળાય. રૂડીને રંગીલી૦

કાનુડો એ કાળો રે બાઈઓ, મારે હ્રદયે વસ્યો રે જી;
મૂકી દે ને કહાન કુંવર, મારાં ચીર. રૂડીને રંગીલી૦

સરખીને સાહેલી રે સાથે પાણી નીસર્યાં જી;
બેડું મેલ્યું સરોવરિયાની રે પાળ. રૂડીને રંગીલી૦

ઈંઢોણી વળગાડી રે, આંબલિયાની ડાળમાં રે જી.
ઊભી રીરખું નટવર દીનદયાળ. રૂડીને રંગીલી૦

હું ને કામી સૂતી રે, બાઈઓ ભરનીંદરમાં રે જી;
મોરલી વાગી ઝબકીને જાગી મઝમ રાત. રૂડીને રંગીલી૦

ગુરુને પ્રતાપે રે, બાઈ મીરાં બોલિયાં રે જી;
દેજો અમને સાધુના ચરણોમાં વાસ. રૂડીને રંગીલી૦

# લીધાં રે લટકે

લીધાં રે લટકે, મન મારાં લીધાં રે લટકે.

ગાત્ર ભંગ કીધાં ગિરિધારીએ, જે માર્યાં ઝટકે.

મન તો મારું મોરલીએ મોહ્યું, પેલા વાંસ તણે કટકે.

મીરાં કે પ્રભુ ગિરિધર નાગર, હો રંગ લાગ્યો ચટકે.

# વર તો ગિરિધરવરને વરીએ

વરમાળા ધરી ગિરિધર વરની, છૂટે છેડે ફરીએ રે, રાણાજી!
વર તો ગિરિધરવરને વરીએ રે.

વર તો ગિરિધર વરને વરીએ, સુણોને લાજ કોની ધરીએ!
લાજ કોની ધરીએ, રાણા! કોના મલાજા કરીએ રે? ... રાણાજી! વર.

કાગડાની બુદ્ધિ કાઢી નાખી, માણેક મોતી ચરીએ રે,
સોના રૂપા સઘળાં તજીએ, ધોળાં અંગે ધરીએ રે ... રાણાજી! વર.

ચીરપટોળાં સઘળાં તજીએ, તિલક-તુલસી ધરીએ રે,
શાલિગ્રામની સેવા કરીએ, સંતસમાગમ કરીએ રે ... રાણાજી! વર.

હરતાંફરતાં, સ્મરણ કરીએ, સંતસંગતમાં ફરીએ રે,
બાઈ મીરાં કહે પ્રભુ ગિરિધર નાગર, ચરણકમલ ચિત્ત ધરીએ રે ... રાણાજી! વર.

# સાંવરે રંગ રાચી

સાંવરે રંગ રાચી
રાણા, મૈં તો સાંવરે રંગ રાચી.
હરિ કે આગે નાચી,
રાણા, મૈં તો સાંવરે રંગ રાચી.

એક નિરખત હૈ, એક પરખત હૈ,
એક કરત મોરી હાંસી,
ઔર લોગ મારી કાંઈ કરત હૈ,
હૂં તો મારા પ્રભુજીની દાસી ... સાંવરે રંગ

રાણો વિષ કો પ્યાલો ભેજ્યો,
હૂં તો હિમ્મત કી કાચી,
મીરાં ચરણ નાગરની દાસી
સાંવરે રંગ રાચી ... સાંવરે રંગ

# સાધુ તે જનનો સંગ

સાધુ તે જનનો સંગ,
બાઈ મારે ભાગ્યે મળ્યો છે.

મોટા પુરુષનો સંગ,
બાઈ મારે ભાગ્યે મળ્યો છે !
મોટા પુરુષના દર્શન કરતાં,
ચડે છે ચોગમો રંગ ... બાઈ.

અડસઠ તીરથ સંતોને ચરણે,
કોટિ કાશી ને કોટિ ગંગ,
દુરજન લોકોનો સંગ ન કરીયે,
પાડે ભજનમાં ભંગ ... બાઈ.

નિંદાના કરનાર નરકે રે જાશે,
ભોગવશે થઈ ભોરિંગ,
મીરાં કહે બાઈ, સંત ચરણરજ,
ઊડીને લાગ્યો મારે અંગ ... બાઈ.

# સુંદરશ્યામ, તજી હો અમને

બલિહારી રસિયા ગિરિધારી,
સુંદરશ્યામ, તજી હો અમને, મથુરાના વાસી ન બનીએજી.

વાંસલડી વાગી એવા ભણકારા વાગે છે,
વ્રજ-વાટ લાગે હવે ખારી ... સુંદરશ્યામ.

જમુનાનો કાંઠો વા'લા, ખાવાને દોડે છે,
અકળાવી દે છે હવે ભારી ... સુંદરશ્યામ.

વૃંદાવન કેરી શોભા તમ વિણ અમને તો,
નજરે દીઠી નવ લાગે સારી ... સુંદરશ્યામ.

ગોવર્ધન તોળ્યો વા'લા, ટચલી આંગળીએ રે,
અમ પર ઢોળ્યો ગિરધારી ... સુંદરશ્યામ.

બાઈ મીરાં કહે છે પ્રભુ, ગિરિધર નાગર,
સહાય કરી લેજો શુદ્ધ મારી ... સુંદરશ્યામ.

# હરિ મને પાર ઉતાર

હરિ મને પાર ઉતાર
નમી નમી વિનતી કરું છું.

જગતમાં જન્મીને બહુ દુઃખ દેખ્યાં,
સંસારશોક નિવાર ... નમી નમી.

કષ્ટ આપે મને કર્મનાં બંધન,
દૂર તું કર કિરતાર ... નમી નમી.

આ સંસાર વહ્યો વહ્યો જાય છે,
લક્ષ ચોરાશી ધાર ... નમી નમી.

મીરાં કહે પ્રભુ ગિરિધર નાગર,
આવાગમન નિવાર ... નમી નમી.

# હરિ વસે છે હરિના જનમાં

હરિ વસે છે હરિના જનમાં,
શું કરશો જઈ વનમાં... ટેક
ભેખ ધરીને તમે શીદ ભટકો છો,
પ્રભુ નથી વન કે અરણ્યમાં;
કાશીએ જાઓ ભલે ગંગામાં ન્હાવો,
પ્રભુ નથી પાણી કે પવનમાં... હરિ..
જોગ કરો ભલે જગન કરાવો,
પ્રભુ નથી વ્યોમ કે હવનમાં;
બાઈ મીરાં કહે પ્રભુ ગિરિધરનાગર,
હરિ વસે છે હરિના જનમાં... હરિ..

# હરિનામ બિના નર ઐસા હય

હરિનામ બિના નર ઐસા હય,
દીપક વિના મંદિર જૈસા હય. હરિ૦

જેસે શશી બિના રજની સોહી હય;
જેસે બિના લૂન કી રસોઈ હય;
જેસે ગુરુ બિનાકા ચેલા હય. હરિ૦

જેસે પુરુષ બિનાકી નારી હય;
જેસે પુત્ર બિનાકી માતારી હય;
ગુનકા ઘર પુત્ર જ જેસા હય. હરિ૦

ઠૂંઠર બિના વૃક્ષ બનાયા હય;
જેસે સૂમ સંચરી માયા હય;
જલ બીન સરોવર જેસા હય. હરિ૦

# હરિવર મૂક્યો કેમ જાય?

હરિવર મૂક્યો કેમ જાય? સાહેલી, હવે હરિવર મૂક્યો કેમ જાય?
નંદકુંવર સાથે નેડલો બંધાયો, પ્રાણ ગયે ન છુટાય ... સાહેલી હવે.

ઘેલી કીધી મને ગોકુળના નાથે, મોરલીના શબ્દ સુણાય,
બાલા રે પણથી પ્રીતિ બંધાઈ, હૈયાથી કેમ વિસરાય? ... સાહેલી હવે.

મૈયર તજ્યું ને તજ્યું સાસરિયું, ત્યાગ્યાં છે સર્વ સગાંય,
બાંહ્ય ગ્રહ્યાની લાજ રાખજો દયાળુ, સ્નેહીને દુઃખ ન દેવાય. ... સાહેલી હવે.

આ અવસર હરિ આવી મળો, તો વ્રેહનો અગ્નિ ઓલાય,
બાઈ મીરાં કહે પ્રભુ ગિરિધર નાગર, દર્શન દ્યો વ્રજરાય. ... સાહેલી હવે.

# હીરા માણેકને મારે શું કરવું?

શું કરવું, મારે શું કરવું છે રે?
હીરા માણેકને મારે, શું કરવું?

મોતીની માળા રાણા, શું કરવી છે?
તુલસીની માળા લઈને પ્રભુને ભજવું છે રે ... મારે હીરા.

હીરના ચીર રાણા, શું રે કરવા છે?
ભગવી ચીંથરીઓ પ્હેરી મારે ફરવું છે રે ... મારે હીરા.

મહેલ ને માળા રાણા, શું રે કરવા છે રે?
જંગલ ઝૂંપડીએ જઈને મારે વસવું છે રે ... મારે હીરા.

બાઈ મીરાં કહે પ્રભુ, ગિરધર નાગર,
અમર ચૂડલો લઈને મારે ફરવું છે રે ... મારે હીરા.

# હું તો ગિરિધરને મન ભાવી

રાણાજી, હું તો ગિરિધરને મન ભાવી.

પૂર્વ જન્મની હું વ્રજતણી ગોપી,
ચૂક થતાં અહીં આવી રે ... રાણાજી હું.

જન્મ લીધો નૃપ જયમલ ઘેરે,
તમ સંગે પરણાવી રે ... રાણાજી હું.

ગિરિધર નામ હું તો ઘડી નવ છોડું,
ઝેર દઈ નાખે મરાવી રે ... રાણાજી હું.

મીરાં કહે પ્રભુ ગિરિધર નાગર !
હરિસંગે લગની લગાવી રે ... રાણાજી હું.

# હું તો પરણી પ્રીતમની સંગાથ

હું તો પરણી પ્રીતમની સંગાથ, વહાલમજી.
બીજાનાં મીંઢળ નહીં રે બાંધુ... હું તો પરણી

ચાર ચાર જુગની ચોતરીઓ ચિતરાવી રે વહાલમજી,
હું તો મંગળ વરતી છું બે ને ચાર... બીજાનાં મીંઢળ.

રાજસી ભોજન જમવાં નથી રે વહાલમજી,
અમે પ્રેમના ટુકડા માગી ખાશું રે... બીજાનાં મીંઢળ.

મોતીની માળા કામ ન આવે રે વહાલમજી,
અમે તુલસીની માળા પહેરી રહીશું રે... બીજાનાં મીંઢળ.

હીર તણાં ચીર કામ ન આવે રે વહાલમજી,
અમે ભગવા પહેરીને નિત્ય ફરશું રે... બીજાનાં મીંઢળ.

બાઈ મીરાં કહે પ્રભુ ગિરિધર નાગર વહાલા,
હું તો પ્રભુને ભજીને થઈ છું ન્યાલ રે... બીજાનાં મીંઢળ.

# હું રોઈ રોઈ અખિયાં રાતી કરું

હું રોઈ રોઈ અખિયાં રાતી કરું,
રાતી કરું, ગીત ગાતી ફરું ... હું રોઈ રોઈ.

અન્ય કોઈ મારી નજરે ન આવે,
વર તો એક ગિરિધારી વરું ... હું રોઈ રોઈ.

સેવા ને સ્મરણ એનું જ નિશદિન,
હૃદયકમળમાં ધ્યાન ધરું ... હું રોઈ રોઈ.

મીરાં કહે પ્રભુ ગિરિધર નાગર,
ગંગા-જમનામાં ન્હાતી ફરું ... હું રોઈ રોઈ.